
# આજની નારી

આજની નારી સમૂળગી બદલાઈ ગઈ છે. તમારા ધ્યાનમાં એ વાત આવી કે નહીં? મારા મગજમાં તો એ વાત ક્યારનીય ક્લિક થઈ ગઈ છે.

યાદ કરો થોડાક જ વરસો પહેલાની, તમારા જ ઘરની જ મહિલાઓને. સવારે ઊઠે એવી જ કામમાં લાગી ગઈ હોય. સવારનો ચા નાસ્તો, બાળકોનું ટિફિન અને પછી રસોઈ, ઘરની સાફસફાઈ. એમને એમનાં પોતાને માટે જરાય સમય જ ના હોય. ના માથું હોળાવ્યું હોય કે ના સારા કપડાં પહેર્યા હોય.



કેટલીક સ્ત્રીઓ તો જ્યારે જુઓ ત્યારે એક સરખા જેવા ખાલી રંગ અલગ હોય એવા ગાઉનમાં જ જોવા મળતી. કર્ણને જેમ કવચ કુંડળ જનમની સાથે જ મળેલા અને એ બદલી નહતો શકતો એમ આ બહેનો પણ એ કોથળા જેવા ગાઉનને એમના શરીરથી અળગું ના કરી શકતી. ક્યાંક બહાર જવાનું થાય અને સાડી પહેરવી પડે તોય એમનો જીવ તો ફરી ગાઉન ધારણ કરી લેવા છટપટી રહ્યો હોય. ઘરે આવતા જ બધા વાળ ભેગા કરી અંબોડો વાળી લે અને ગાઉન ચઢાવી લે ત્યારે એને હાશ થાય!

હવે આજની સ્ત્રીઓને જુઓ, ફરી કહું છું ફક્ત તમારા ઘરની સ્ત્રીઓ, સવારે ભલે ગમે એટલું કામ હોય, ફોન પહેલાં હાથમાં લે. ચા નાસ્તો રેડી કરે એની સાથે સાથે એ પોતેય રેડી થઈ જાય, ચાના કપ સાથે એક ફોટો પાડે. સરસ રીતે વાળ કપાયેલા હોય, એમાં શેમ્પૂ કર્યું હોય અને એને હીરોઈનની જેમ સ્ટાઈલમાં રાખ્યા પણ હોય. ગાઉન એ તો રાત્રિ પોશાક કહેવાય એને વળી આખો દિવસ કોણ પહેરી રાખે, હવે તો મસ્ત ડ્રેસ પહેર્યો હોય કે કુર્તી અને લેગિંગ્સ... ફટાફટ એનું બધું કામ પરવારી જાય અને જ્યારે જુઓ ત્યારે એકલી બેઠી બેઠી પણ મલકાતી હોય.



## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

આની પાછળનું કારણ શું હોય શકે છે? મને લાગે છે કે, પહેલાનો જમાનો એવો હતો કે જ્યારે ઘરે ઘરે પાણીના નળ ન હતા. ઘરની સ્ત્રીઓ પાણી ભરવા, કપડાં ધોવા, નહાવા-ધોવા માટે નજીક આવેલા નદી કે તળાવે જતી અને એ વખતે ફક્ત કામ જ નહતું થતું, એકબીજા સાથે વતોય થતી.

આમ જુઓ તો એ તે જમાનાનું સોશ્યલ મીડિયા હતું. જે બે ચાર સ્ત્રીઓને એક બીજા સાથે સારું બનતું હોય એ સાથે સાથે માથે બેડા, મેલા કપડાનાં પોટલાં વગેરે લઈને નીકળતી અને કામની સાથે ઢગલો વાતો કરી હૈયું હળવું કરતી. રાતના સમયે ડબલા લઈને પણ કેટલીક સ્ત્રીઓ સાથે જતી...અને ત્યાં પણ મનના ભેદ આપસમાં ખુલી જતા.

આજે સ્ત્રીઓ પાસે નદી નથી, તળાવ નથી, ઘરે ઘરે ટોયલેટની સુવિધા છે ત્યારે એ બિચારી એમનું મન હળવું કરવા ક્યાં જાય? આસપાસમાં કોઈના ઘરે જઈ જે બેચાર વાતો થતી એ સુખ પણ આ કોરોનાએ લઈ લીધું.

મોટાભાગે એમના પતિદેવ પાસે સમય ના હોય. આખો દિવસ ઑફિસમાં વ્યસ્ત હોય અને ઘરે આવે ત્યારે ન્યુઝ ચેનલ કે હાલમાં આ બળ્યું આઈપીએલ ચલાવી બેસી જાય. બાળકોને મમ્મીની વાતોમાં જાજો રસ ના પડે. એ એમની ઉંમરના એમના દોસ્તો સાથે ફોન પર વાતોમાં લાગેલા હોય ત્યારે ઘરમાં રહેતી સ્ત્રી અકળાઈને જાય. એ ભોળી પણ પછી એના પતિદેવ અને બાળકોને જોઈ જોઈ ફોન મચેડતી થઈ જ જાય.

આજની સ્ત્રીઓ ફેસબુક પર બે ચાર કલાક એમની કે બીજાની પોસ્ટ ઉપર ચર્ચા કરીને, વૉટ્સેપના રમુજી મેસેજ વાંચીને, કોઈક ગ્રુપમાં વાતો કરીને ફ્રેશ થઈ જાય છે. એમાંય પાછી સેલ્ફીની તો વાત જ ના થાય એના થકી જ તો આ મસમોટું પરિવર્તન આવ્યું છે!

**અમસ્તું,**

ફેસબુક અને વોટ્સએપ જ છે એ જાદુગર જેમણે આજની ઘણીખરી સ્ત્રીઓની જિંદગી બદલી નાખી છે...

### બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં

# બી.ડી.એ.ની શ્રેષ્ઠ લેબનો ઉદઘાટ્ન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા. ૪

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ સંચાલિત શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એંન્જીનીયરિગમા અભ્યાસ વિદ્યાર્થીઓને સર્વશ્રેષ્ઠ, અદ્યતન અને ઈનોવેટિવ ટેકનોલોજી થી સુસજ્ઞ લેબ પુરી પાડી રહી છે. કોલેજમા "આઈ.એસ.ઓ. મોબિનોવેશન સેન્ટર ઓફ એકસલન્સ'' જે સમગ્ર ગુજરાતમા મોબાઈલ એપ્લિકેશન શિખવવાના ઉચ્ચ લેવલ ના સોફ્ટ્વેર અને હાઈ કોલિટી ના મોનિટર ધરાવે છે. આ લેબ ની સફળતા બાદ તા. ૪/૧૧/૨૦૨૦ ના રોજ મોડ્રોબ-ગ્રામીણ યોજના, એઆઈટીટીઈ, ભારત સરકારના ગ્રાન્ટ ના સહાય થી 'બિગ ડેટા એનાલિટિક્સ અને પ્રોસેસીગ રિસર્ચ લેબ' નુ ઉદઘાટ્ન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ના વાઈસ ચાન્સલર. ડો. નવિન શેઠ,ગુજરાત કાઉન્સીલ ઓફ






સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર ના એડવાઈઝર એન્ડ મેમ્બર સેક્રેટરી ડો.નરોતમ સાહુ અને બાપુ ગુજરાત નોલેજ વિલેજના શંકરસિહ વાઘેલા બાપુના વરદ હસ્તે થયુ હતુ.

આ અદ્યતન એનાલિટીકલ રિસર્ચ લેબના ઉપયોગથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો બીગ ડેટા માટેના પ્રોગ્રામિંગ પર સરળતાથી કુશળતા મેળવી શકશે અને મોટા મા મોટા ડેટા નુ સચોટ એનાલિસિસ થઈ શકશે. હાલમા આઈટી, બેંકિંગ સેક્ટર, ફાર્મસી વગેરે ક્ષેત્રોમાં ખાસ કરીને હડૂપ પ્રોગ્રામિંગમાં બિગ ડેટા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે આ લેબ ના અદ્યતન સોફ્ટ્વેર ના મદદ થી વિદ્યાર્થીઓ જાતે ક્લસ્ટરો બનાવી શકશે. આ ઉપરાંત ગુજરાતમાં આ પ્રકાર ની લેબ ખુબજ જુજ છે કે જે હડૂપ ક્લસ્ટરની રચના પ્રદાન કરી શકે અને તેના પર વિવિધ સંશોધન પ્રયોગો કરી શકે.

સમગ્ર લેબની મંજુરી અને લેબના સંચાલનમા કમ્પ્યુટર અને આઈટી વિભાગના હેડ ડો.અંકિત શાહ અને સમગ્ર કમ્પ્યુટર અને આઈટી વિભાગના સ્ટાફ મિત્રો નો સહિયારુ યોગદાન રહયુ છે. કોલેજના વિદ્યાર્થીઓના સંશોધનના હેતુ થી શરુ કરવામા આવેલી આ લેબ ની સફળતા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધ્વર્યુએ સમગ્ર કમ્પ્યુટર અને આઈટી વિભાગના સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારી ઈજનેરી કોલેજ ખાતે ક્લાઉડ કમ્પ્યુટીંગ ટેકનોલોજીનાં વિષય પર ઓનલાઈન તાલીમ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર,તા. ૪

સરકારી ઈજનેરી કોલેજ સે-૨૮,ગાંધીનગર ખાતે કપ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા તા.૦ ૨/૧૧/૨૦૨૦ થી તા.૦૬/૧૧/૨૦૨૦ દરમિયાન કલાઉડ કમ્યુટીંગ ટેકનોલોજી વિષય આધારિત પ્રાધ્યાપકો તથા રીસર્ચ સ્કોલર્સ માટે રાષ્ટ્રીય સ્તરનો ઓનલાઈન ટ્રેનીંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. કલાઉડ કમ્યુટીંગ ટેકનોલોજી ડેટાનો ઉપયોગ અને સંગ્રહની મર્યાદાઓને દૂર કરી તેને ફક્ત ઈન્ટરનેટના માધ્યમથી સુરક્ષીત અને સરળ રીતે વપરાશકર્તાને ઉપલબ્ધ કરાવે છે. તે કોમ્યુટરને લગતા સોફટવેર ઈન્ફાસ્ટ્રક્ટર અને પ્લેટફોર્મની સેવાઓ ઓનલાઈન માધ્યમથી વપરાશકર્તાઓને ઉપલબ્ધ કરાવે છે. તાજેતરની કોવિડ–૧૯ની મહામારીમાં જ્યારે સમગ્ર વિશ્વ રોજબરોજની વ્યવસાયિક શૈક્ષણિક વ્યક્તિગત કે અન્ય જરૂરિયાતોને પહોંચી વળવા ઓનલાઈન માધ્યમનો ઉપયોગ કરી રહ્યું છે ત્યાં ક્લાઉડ કમ્યુટીંગ ટેકનોલોજીની ભૂમિકા અનિવાર્ય અને અગત્યની છે. વૈશ્વિક સ્તરની નામાકિંત કંપનીઓ જેવી કે માઈક્રોસોફ્ટ ,ગૂગલ, એમેજોન આઈબીએમ દ્વારા ક્લાઉડ કમ્યુટીંગ ટેકનોલોજીની હેક્સઓન સેશન સાથે વ્યાખ્યાન આપશે. તદુપરાંત અંતિમ દિવસે સાંપ્રત પરિસ્થિતિને આનુષાંગિક રીધમ ઓફ લાઈફ' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવશે. આ તાલીમ પ્રોગ્રામને AICTE Training and Learning



(ATAL) Academy ભારત સરકાર દ્વારા સ્પોન્સર્ડ કરવામાં આવેલ છે તથા ઉક્ત પ્રોગ્રામને ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

સેવા પૂરી પાડવામાં આવે છે. મોબાઈલ ક્રાંતિમાં કલાઉડ કમ્યુટીંગ ટેકનોલોજીનો સિંહફાળો છે.

ઉપરોક્ત તાલીમમાં દેશની નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ તથા ઈન્ડસ્ટ્રીનાં તજજ્ઞો પ્રેકટીકલ

# શેઠ કે.એમ. પટેલ સર્વોદય હાઈસ્કૂલમાં શિક્ષક વય નિવૃત્ત થતાં વિદાય સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૪

છાલા કેળવણી મંડળ સંચાલિત કે. એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલમાં ઉચ્ચ માધ્યમિકમાં ફરજ બજાવતાં એન.કે. પરમારનો વય નિવૃત્તિ વિદાય શુભેચ્છા સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે સી.એલ. પટેલ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળામાં શિક્ષક તરીકેની એન. કે. પરમારની વિશિષ્ટ કામગીરીને સાચા કર્મયોગી તરીકે બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. એન. કે પરમાર નિવૃત્ત જીવન તંદુરસ્ત અને સુખમય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી તથા શાળા પરિવારે નિવૃત્ત થતાં શિક્ષકનું સન્માન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમની સેવાઓને બિરદાવી હતી.





નવરાત્રી દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામની સહયોગ વિદ્યાલયમાં ઓનલાઈન ટ્રેડિશનલ ડ્રેશ કોમ્પીટીશન તથા થાળી શણગારવાની સ્પર્ધાનું આયોજન થયું તેમાં ધોરણ-૭માં ગજ્જર મીતએ નંબર મળવતા શિક્ષિકા બેન હર્ષાબેનના હસ્તે પ્રમાણપત્ર તથા ઈનામ મેળવળતા શાળા પરિવાર અને પરિવારજનો એ અભિનંદન પાઠવ્યા છે.



સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સંલગ્ન અરિહંત હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા ૦૨ નવેમ્બરે ઉવારસદ ગામ, ગાંધીનગર ખાતે કોવીડ -૧૯ રોગ સામે લોક જાગૃતતા અભિયાન તથા અન્ય રોગો માટે નિઃશુલ્ક હોમિયોપેથીક સારવાર કેમ્પનું આયોજન કર્યું હતું.

# ગણપત યુનિવર્સિટીનું શેલ્બી હોસ્પિટલ સાથે જોડાણ/હેલ્થકેર મેનેજમેન્ટના અનેક ઉપયોગી અભ્યાસક્રમોનો શુભારંભ

વલ્લભ વિદ્યાનગર,તા. ૪

કોરોના મહામારીને કારણે સમગ્ર વિશ્વને માનવ જીવન બચાવવા માટે સ્વાસ્થ્યલક્ષી માળખાગત સુવિધાઓને વધારે મજબૂત કરવાની અગત્યતા સમજાઈ છે. ફ્રન્ટલાઈન હેલ્થકેર વોરિયર્સનું યોગદાન વાસ્તવમાં પ્રશંસનીય છે.

આ ઉપરાંત, આ પરિસ્થિતિને કારણે આપણને એ વાત પણ સમજાઈ કે મહામારી જેવી આફતો સામે પહોંચી વળવા માટે આપણી હેલ્થકેર ઈકોસિસ્ટમ પૂરતી સજ્જ નથી તેમજ સ્ટાફ પણ અપૂરતો છે. આ પરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે ભવિષ્યમાં હેલ્થકેર ક્ષેત્રને દર્દીઓને ગુણવત્તાસભર સારવાર પ્રદાન કરવા માટે ઉચ્ચ કૌશલ્યો ધરાવતા માનવ સંસાધનની જરૂર પડશે જ.

શેલ્બી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભારતીય હેલ્થકેર ક્ષેત્રમાં એક મહત્વનું નામ

છે, જેનું વિશાળ નેટવર્ક દેશભરમાં પથરાયેલુ છે, તે ગણપત યુનિવર્સિટી સાથે મળીને, હેલ્થકેર ઉદ્યોગની ક્ષમતાવર્ધન જરૂરિયાતોમાં વધારો કરવા માટે વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોનો શુભારંભ કરી રહી છે. આથી, આ ક્ષેત્રમાં કામ કરવાની ખેવના ધરાવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર હેલ્થકેર અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવવા માટે જાન્યુઆરી ૨૦૨૦ માં બંને પક્ષો વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

નવા શરૂ થનાર તાલીમ અને શિક્ષણ અભ્યાસક્રમોના ગુલદસ્તામાં આ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે; સર્ટીફિકેશન (પ્રમાણપત્રો)નું વિશાળ સ્પેક્ટ્રમ, પેરામડિકલ, હેલ્થ અને હેલ્થકેર પ્રબંધન સાથે જોડાયેલા ડિપ્લોમા અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સીસ. આ ક્ષેત્રમાં જોડાવાની ખેવના ધરાવતા વિદ્યાર્થીઓ અને પોતાના કૌશલ્યોને વિકસાવવા ઈચ્છતા હેલ્થકેર વ્યાવસાયિકોને આ અભ્યાસક્રમોથી ખૂબ જ લાભ થશે. આ અભ્યાસક્રમોનો શુભારંભ નવેમ્બર ૨૦૨૦ થી થશે.

શેલ્બી લિમિટેડનું એક એકમ એવી શેલ્બી એકેડમી, વિદ્યાર્થીઓને પ્રેકટિકલ તાલીમ પ્રદાન કરીને આ પ્રોગ્રામના તાલીમ પાર્ટનર તરીકેની જવાબદારી સંભાળશે. આ અભ્યાસક્રમો અંતર્ગત હેલ્થકેર સંબંધિત કૌશલ્યો અને પડકારોનો સામનો કરવા માટે જરૂરી વિશેષ કૌશલ્યો શીખવવામાં આવશે. આ સંયુક્ત રીતે ડિઝાઈન કરવામાં આવેલા નવતર શિક્ષણશાસ્ત્રમાં અભ્યાસક્રમ ઘડતી વખતે હેલ્થકેર ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે, જેમ કે હોસ્પિટલ મેનેજમેન્ટમાં એક વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, ઈન્ફેક્શન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ, ક્રિટિકલ કેર એન્ડ જેરિયાટ્રીક કેરમાં છ મહિનાનો સર્ટીફિકેટ પ્રોગ્રામ. કોઈ પણ સ્નાતક જે હેલ્થકેર ક્ષેત્રમાં તેમની કારકીર્દી બનાવવા ઈચ્છતા હોય અથવા તેમના કૌશલ્યો અપગ્રેડ કરવા ઈચ્છતા હોય તે આ અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે.

આ પ્રોગ્રામોના શુભારંભ અવસરે, ગણપત યુનિવર્સીટીના પ્રો.ચાન્સેલર અને ડિરેક્ટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્મા જણાવે છે કે આ ક્ષેત્રમાં લાંબાગાળાની સંભાવનાઓ રહેલી છે અને તે ખૂબ જ પ્રભાવક દરે વિકસી રહી છે. ગુણવત્તાસભર સારવાર મેળવવા ઈચ્છતા લોકોની જરૂરિયાતો ન સંતોષાવાને કારણે હેલ્થકેર ક્ષેત્રમાં પરિવર્તન અનિવાર્ય બન્યા છે. આના પરિણામ સ્વરૂપે જાહેર આરોગ્ય ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. આ બદલાઈ રહેલા વલણને કારણે હેલ્થ સર્વિસીસ એન્ડ એડમિનિસ્ટ્રેશનમાં કારકિર્દી બનાવવા માટે રોજગારીની તકોમાં હકારાત્મક દૃષ્ટિકોણ જોવા મળી રહ્યો છે. ગણપત યુનિવર્સિટી હેલ્થકેર ક્ષેત્રમાં વધી રહેલી તકો માટે વિવિધ અભ્યાસક્રમો માટે શેલ્બી હોસ્પિટલ સાથે જોડાણ કરીને ગર્વની લાગણી અનુભવે છે. ગણપત યુનિવર્સિટી તેના નિષ્ણાત અધ્યાપકોની મદદથી હોસ્પિટલ સાથે મળીને તાલીમ પાર્ટનર તરીકે અભ્યાસક્રમો તૈયાર કરે છે.

શેલ્બી હોસ્પિટલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. વિક્રમ આઈ શાહે આ વાત પર ભાર મૂક્યો હતો કે "છેલ્લા એક દાયકા દરમિયાન દેશમાં હોસ્પિટલોની સંખ્યામાં જે ઝડપથી વધારો થયો છે તેના આપણે સૌ સાક્ષી છીએ. જો કે ભારતમાં સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડતી ઈકોસિસ્ટમ પાસે હજુ આજે પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે એવા અને ગુણવત્તાસભર સારવાર આપી શકે એવા તાલીમપ્રાપ્ત અને ગમે તે પરિસ્થિતિમાં કામ કરવા સજ્જ માનવ સંસાધનનો અભાવ છે. આથી, ગણપત યુનિવર્સિટી સાથેની આ શૈક્ષણિક ભાગીદારી એ હેલ્થકેર ક્ષેત્ર માટે ક્ષમતાવર્ધન કરવાની દિશામાં લેવાયેલુ એક યોગ્ય પગલું છે. સ્વાસ્થ્ય સેવા સિસ્ટમને બહેતર બનાવવા માટે શિક્ષણની સાથે સાથે ઘણા બધા ક્ષેત્રોમાં સંશોધન પણ શક્ય છે''

# ઈંડિયન લાયન્સ ગાંધીનગર દ્વારા કોરોના જાગૃતિ અને માસ્ક વિતરણ કાર્યક્રમ સેક્ટર-૧૩ ખાતે યોજાયો

ગાંધીનગર,તા. ૪

ગાંધીનગર સેક્ટર ૧૩ ખાતે મહાત્મા ગાંધી મંદીર સામે રેલ્વે સ્ટેશન ની બાજુ પર આવેલ વસાહત માં ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે કોરોના વાયરસ મહામારી ને ધ્યાન માં રાખી જાગૃતિ કાર્યક્રમ તેમજ માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો



આ કાર્યક્રમમાં પ્રમુખ રાધેશ્યામ યાદવ દ્વારા કોરોનાથી બચવાના ઉપાયો જણાવ્યા હતા અને જો કોઈ વ્યક્તિ ને કોરોના થઈ જાય તો ઉકાળો કેવી રીતે બનાવી પીવો તેમજ પતંજલિની કોરોલીન દવા કેટલી ઉપયોગી છે તે સમજાવ્યું હતું અને કેવી રીતે તેનો ઉપયોગ કરવો તે પણ સમજાવ્યું હતું

આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ અને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના અધ્યક્ષ દ્વારા બાળકો ને કોરોના વિશે સમજ આપી હતી, ઘેર બેસી અભ્યાસ કરવા જણાવ્યું હતું અને કોરોના વાયરસ મહામારીથી બચવા માટે કેવી સાવચેતી રાખવી તેની સમજ આપી હતી. આ પ્રસંગે પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપપ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ, મંગળસિંહ સોલંકી ઉપપ્રમુખ, કાંતિભાઈ પટેલ એડવોકેટ, મહેન્દ્ર ભાઈ ચૌહાણ દ્વારા બાળકો અને મોટાઓ ને ફ્રી માસ્ક વિતરણ કરવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



પ્રકાશ એચ શાહ
મુખ્ય ઈજનેર (પાણી પુરવઠા)
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



એમ કે દલસાણિયા
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



કાન્તિલાલ ટી ત્રિવેદી
મો. ૯૪૨૮૬ ૦૬૬૮૩




ગીતાબેન મુકેશભાઈ વેદ
મો. ૯૬૮૭૭૭૨૨૨૨



પ્રદિપસિંહ અજીતસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



મહેન્દ્ર એસ આયલાણી
સૌરાષ્ટ્ર સેતુ વિકસી ન્યૂઝ, તંત્રી
મો. ૯૦૮૧૨ ૨૩૪૭૮



ઉન્નતિ ઉમાકાંતભાઈ ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



જૈનિથ ચિરાગ સોલંકી
મો. ૯૪૨૮૪૦૫૫૨૩

